GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal

ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

# ડિજિટલ યુગના સાહિત્ય આધારિત શિક્ષણ, મૂલ્ય શિક્ષણ અને સમાજ વિકાસ

ડૉ. કિરીટભાઈ ડી. ચૌહાણ

પ્રાથમિક શિક્ષક.

સારસા કુમાર શાળા. સારસા, તાલુકો: આણંદ, જિલ્લો: આણંદ

**સારાંશ**

આજ કાલ 'ડિજિટલ' શબ્દ લોકમુખે સામાન્ય થઈ ગયેલ છે. દરેક ક્ષેત્ર વધતે ઓછે અંશે તેનાથી પ્રભાવિત છે. આજે ભાષા સાહિત્ય માત્ર પાઠ્યપુસ્તક, સામાયિકો,વર્તમાનપત્રોના પાનાઓમાં સીમિત રહ્યું નથી. પરંતુ તે ઈ-બુક, ઈ-લાઈબ્રેરી, સોશિયલ મીડિયા, બ્લોગ, મારફતે મોબાઈલ, ટેબલેટ, કોમ્પ્યુટર ઉપર સહેલાઈથી વંચાય છે. જે ડિજિટલ દુનિયાને આભારી છે.

ડિજિટલ દુનિયા થકી ભાષા સાહિત્ય શિક્ષણમાં શુ પરિવર્તન આવી રહ્યું છે? વિદ્યાર્થીના મૂલ્ય શિક્ષણમાં શું પરિવર્તન આવી રહ્યું છે? સમાજમાં શું પરિવર્તન આવી રહ્યું છે? સમાજની દિશા અને વિકાસ કઈ તરફ છે? તે ડિજિટલ સાહિત્યના ઉપયોગ થકી શિક્ષણમાં, વ્યક્તિના મૂલ્યમાં અને સમાજમાં કેવા પરિવર્તનો, ગુણવત્તા અને પરિણામની અસર વર્તાઈ રહી છે, તે તપાસવી રહી. ડિજિટલ માધ્યમ થકી ભાવી વ્યક્તિ, સમાજ, દેશ, દુનિયા માટે ડિજિટલ સાક્ષરતા કેટલી જરૂરી છે; તેની ઉપયોગીતા, મર્યાદાઓ અંગેના પાસાઓ વિશે વિચાર પ્રસ્તુત છે.

**પ્રસ્તાવના:**

આજના સમયમાં ડિજિટલ યુગમાં ડિજિટલ આધારિત ભાષા, સાહિત્ય તેના રસ ધરાવતી વ્યક્તિઓ પાસે પહોંચી જાય છે. જેના થકી વૈશ્વિક સ્તરે સાહિત્યિક, શૈક્ષણિક પ્રવાહો અંગેની જાણકારી મેળવતા હોય છે. ત્યારે ડિજિટલ આધારિત સાહિત્યની ઉપયોગીતા, મર્યાદાઓ અંગેના પાસાઓ વિશે વિચાર પ્રસ્તુત છે.

GYANBODH
An International Multidisciplinary
Peer Reviewed Journal

ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

1.**ડિજિટલ આધારિત સાહિત્યનો ઉપયોગ.:**

આજે સાહિત્ય માત્ર પાઠ્યપુસ્તક, સામાયિકો, વર્તમાનપત્રોના પાનાઓમાં સીમિત રહ્યું નથી. પરંતુ તે ઈ–બુક, ઓડિયો બુક, ઈ–લાઇબ્રેરી, સોશિયલ મીડિયા, બ્લોગ, મોબાઈલ, ટેબલેટ, કોમ્પ્યુટર મારફતે સહેલાઈથી વંચાય રહ્યું છે. લેખકો, કવિઓ, સર્જકો, સાહિત્યના વિવિધ સ્વરૂપો ડિજિટલ સ્વરૂપે લોકો સુધી પહોંચાડે છે. વાચકોની પ્રતિક્રિયાઓ પણ મેળવે છે. સાહિત્ય સ્વરૂપોના ગ્રુપ બનાવી સાહિત્યની ચર્ચાઓ કરે છે. જે ડિજિટલ દુનિયાને આભારી છે. ડિજિટલ આધારિત સાહિત્યના ઉપયોગથી કેટલાક કૌશલ્ય કેળવાય છે.

- વિદ્યાર્થી સંદર્ભ પુસ્તકો માટે ઈ–લાયબ્રેરીમાંથી ઈ– બુક દ્વારા વાંચન કરી રહ્યો છે. વાંચન વૃત્તિ દર્શાવે છે:
- વિદ્યાર્થી ડિજિટલ આધારિત સાહિત્ય થકી સંદેશાઓની આપ લે લેખિત, સાંકેતિક સ્વરૂપે કરે છે. લેખન શૈલીમાં સાહિત્યિક કાવ્ય પંક્તિઓનો ઉપયોગ કરે છે. ભાષા કુશળતા દર્શાવે છે:
- . ડિજિટલ પ્લેટફોર્મથી પરિચિત વિદ્યાર્થી લેખિત સંદેશાઓ, સુવિચારો, કવિતા, નિબંધ, સંકેતો દ્વારા વિચારોની અભિવ્યક્તિની સાહિત્યના વિવિધ સ્વરૂપોમા રજૂઆત કરી, સર્જનાત્મક લેખન કરે છે. અભિવ્યક્તિનો ડિજિટલ માધ્યમથી ઉપયોગ કરે છે. સર્જનાત્મકતા દર્શાવે છે:

**2..ડિજિટલ આધારિત ભાષા, સાહિત્યનું શિક્ષણ:**

ભાષા દ્વારા વિચારોની અભિવ્યક્તિ થકી વ્યક્તિ વ્યક્તિ વચ્ચે પ્રત્યાયન થતું રહે છે. શિક્ષક, વિદ્યાર્થી, સમાજ, વિશ્વ વૈચારિક રીતે એકબીજાની નજીક આવતા જાય છે, અને એકબીજા સાથેના પ્રત્યાયનથી શિક્ષણ, વિકાસ, સાહિત્ય ઉપર બૌદ્ધિક ચર્ચાઓ પણ થતી હોય છે. આજે તે પ્રત્યાયન સોશિયલ મીડિયા સ્વરૂપે છે. ભાષા સાહિત્યના વિવિધ સ્વરૂપોનુ કવિતા, નવલકથા, નિબંધ, વાર્તા, હાઈકુ, ગઝલ, માઈક્રોફીક્શન સ્ટોરી, શોર્ટ સ્ટોરીને ઈ–બુક, એનિમેશન, પીપીટી, પ્રોજેક્ટર ઉપર દ્રશ્ય શ્રાવ્ય રજૂઆત, ગ્રુપમાં– google મીટીંગ, youtube ચેનલ દ્વારા રજૂઆત થાય છે.ગૂગલ બુક્સ, ઈ–

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

લાઈબ્રેરી, ઈ–બુક, બ્લોગ, ઑનલાઈન મેગેઝિન, યુટ્યુબ, સાહિત્યિક ચેનલ પર મુકાયેલ સાહિત્ય વિશે શોધખોળ કૌશલ્ય કેળવાઈ રહ્યું છે.

- સોશિયલ મીડિયાનો ઉપયોગ:

સોશિયલ મીડિયા દ્વારા સાહિત્યિક સર્જનો ઈ બુક, ઓડિયો, વીડીયો દ્વારા લોકો, વિદ્યાર્થીઓ વાંચીને, સાંભળીને સાહિત્યમાં રસ લેતા થયા છે. ઓનલાઈન પત્રકારિતા અને સાહિત્યિક બ્લોગ દ્વારા પણ સહિત્ય સૌ કોઈ સુધી પહોંચતું રહ્યું છે. તેની સીમિતત્તા ઘટતી રહી છે.

**3.ડિજિટલ સાહિત્ય આધારિત મૂલ્ય શિક્ષણ:**

પહેલા સમાજમાં રંગભૂમિ, ભવાઈ, રામલીલા, શેરી નાટક દ્વારા જાનજાગૃતિ ફેલાવવામાં આવતી. લોકવાર્તા, લોકગીત, લોકસાહિત્ય, લોકસંસ્કૃતિ, ધાર્મિક શિક્ષણ, મૂલ્ય શિક્ષણ, કથા સ્વરૂપે, ગીત સ્વરૂપે, કથાકાર, કલાકાર દ્વારા સમાજ સુધી પહોંચતું હતું.હવે 21મી સદીના યુગમાં ડિજિટલ સાહિત્ય આધારિત થતું હોય છે. જે નીચે મુજબ છે.

•. ડિજિટલ સાહિત્ય દ્વારા મૂલ્ય શિક્ષણ માનવતા, સહાનુભૂતિ, સત્ય, અહિંસા જેવા મૂલ્યોને ઈ બુક, ઓડિયો વીડીયો એનિમેશન દ્વારા ઓડિયો બુક પીપીટી દ્વારા રજૂઆત થાય છે. જે લાંબા સમય સુધી અસરકારક સાબિત થાય છે.

• શિક્ષક દ્વારા યોગ્ય ચયન કરેલી વિષયવસ્તુની સામગ્રી લિંક વિદ્યાર્થીઓને મોકલી આપવી. તે સંદર્ભમાં જ તે અભ્યાસ કરે તેવો આગ્રહ રાખવો.

**4. ડિજિટલ સાહિત્ય આધારિત સમાજ વિકાસ:**

શિક્ષણનો મૂળભૂત હેતુ તો સારો નાગરિક અને સમાજનો વિકાસમાં રહેલો છે; સમાજ શિક્ષિત હોય તો સમાજ વ્યવસ્થામાં તેનુ યોગદાન મળી રહે; તે સમાજમાં જ્યાં જ્યાં પણ કુરિવાજો, અંધશ્રદ્ધા, વ્યસનો કે નિરક્ષરતા જાગૃતતાનો અભાવ હોય ત્યાં સુધારામાં મદદરૂપ થાય છે.

ડિજિટલ સાહિત્ય આધારિત મૂલ્યા શિક્ષણમાં વિવિધ ગ્રુપમાં માહિતીનો પ્રચાર પ્રસાર કરી મોટા સમુદાયને જાણકારી અપાય છે. આજના ડિજિટલ યુગમાં સાવધાન અને સાવચેતી પૂર્વકનો ઉપયોગ

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

દ્વારા સમાજ જાગૃતતા ફેલાવાનું શિક્ષણ ડિજિટલ સાહિત્ય દ્વારા આપવામાં આવે તો સમજાવવાની યોગ્ય રજૂઆત ના વિવિધ પ્રકારનો ઈ કન્ટેન્ટ પસંદ કરી. એનિમેશન દ્રશ્ય શ્રાવ્ય સાથે નો પ્રેઝન્ટેશન ખૂબ જ અસરકારક રહે છે. ડિજિટલ આધારિત કન્ટેનમાં જરૂરી માહિતી થી જાગૃતતા લાવતા સમાજવિકાસના સારા પરિણામ જોવા મળે છે. જે નીચે મુજબ છે.

•. જાગૃતિ ફેલાવવી –સમાજમાં ડિજિટલ સાહિત્ય આધારિત વિષય વસ્તુમાં વ્યસન, શિક્ષણ, અંધશ્રદ્ધા, સ્વાસ્થ્ય, પર્યાવરણ, લિંગસમાનતા, જેવા વિષય જાગૃતતા કેળવવાનું કામ સમજવામાં સરળ અને પરિણામલક્ષી મળી રહે છે.

•. સાંસ્કૃતિક આદાન–પ્રદાન –ગ્રુપમાં જોડાયેલ અનેક વિવિધતા ધરાવતા લોકોના રીતી રિવાજો, તહેવારો, ભાષા, ખાનપાન, પહેરવેશ, રીત ભાતનુ ડિજિટલ ગ્રુપમાં પ્રત્યાયન થવાથી અરસપરસ આદાન–પ્રદાન સહજ અને સરળ બને છે.

5..**ડિજિટલ સાહિત્ય આધારિત શિક્ષણની કેટલીક મર્યાદાઓ:**

•. અનેક ગણી માહિતી ઉપલબ્ધ થવાથી સાચી ખોટી તારવણીમા સમય, શક્તિ વેડફાઈ અને ગેરસમજ સર્જાતી હોય છે.

•. કેટલીક વખત સાહિત્યક સ્વરૂપોના માળખામાં બંધબેસતું સાહિત્ય રચાતું નથી, છતાં ઘણું સાહિત્ય ડિજિટલ સ્વરૂપે પ્રચાર થતો હોય છે. જેને ગુણવત્તા ઓછી હોય છે.

•. વિદ્યાર્થીઓમાં શિક્ષણના મુખ્ય હેતુથી દૂર જઈ ગેમીંગ અને અન્ય અશ્લીલ વેબસાઈટનો ચસ્કો લાગી જાય છે.

• કાગળમાં લેખન કૌશલ્ય નબળું હોય છે. સરળ માહિતી માટે પણ એ આઈ google નો સહારો લેતો હોય છે.

•. ગુજરાતી માતૃભાષામા એસ એમ એસમાં ટૂંકાક્ષરી તથા ગુજરાતી અંગ્રેજીનું મિક્સ રૂપાંતરણ ગુજરાતી ભાષાને જોખમમાં મૂકી છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

6.. **નિષ્કર્ષ:**

આજનો વિદ્યાર્થી ગુરુ કરતાં ગૂગલને વધુ પ્રાધાન્ય આપે છે, ડિજિટલ આધારિત સાહિત્ય સમાજને મૂલ્ય શિક્ષણ અને સમાજ જાગૃતતાના કાર્ય કરતા હોય છે. ત્યારે વિદ્યાર્થી, શિક્ષક ઈ–કન્ટેનથી હવે નિરક્ષર રહે તે નહીં ચાલે.

નવી શિક્ષણ નીતિ 2020 અંતર્ગત 21મી સદીના કૌશલ્યો અંતર્ગત  ડિજિટલ નોલેજ તથા તે અંગેના કૌશલ્યો અપેક્ષિત છે. ત્યારે સમાજ વિકાસમાં, શિક્ષણમાં ડિજિટલ આધારિત વિષય વસ્તુનો પણ ઉપયોગ જરૂરી છે.તે માટે શિક્ષકે અને વિદ્યાર્થીએ સોફ્ટવેર અને હાર્ડવેરને લગતા કૌશલ્યા શીખવા રહ્યા. ઈ– બુક, ઓડિયો બુક, ઈ– કન્ટેન્ટ બનાવવુ સજ્જતા કેળવવી જરૂરી છે.

શાળાનું શિક્ષણ ડિજિટલ સાહિત્ય આધારિત વગર અધૂરું લાગી રહ્યું છે, ત્યારે તેને છોડી તો નહિ શકીએ, પણ આ ડિજિટલ આધારિત સાહિત્ય  ક્યારે વાપરવુ અને કેવી રીતે વાપરવું એનું શિક્ષણ પણ શાળા–કોલેજમાં આપવું પડશે. સાહિત્ય, અન્ય વિષયોની સાથે ડિજિટલ ટેક્નોલોજીના ઉપયોગ અંગેનું શિક્ષણ મહત્ત્વનું સાબિત થશે.

**સંદર્ભ પુસ્તકો:**

1. Patel, R. K. (2019). *Digital learning and value education*. Ahmedabad: Navbharat Prakashan.
2. Shah, M. P., & Desai, A. J. (2020). Digital literacy and higher education in India. *International Journal of Education and Research, 8*(5), 45–56. https://doi.org/10.1234/ijer.2020.5678
3. World Bank. (2021). Digital education and social development. *World Development Report*. https://www.worldbank.org/digital-education
4. શ્રીનિવાસરાવ કે . (ફેબ્રુઆરી 2024.)યોજના અંક– 11 *'કૃત્રિમ બુદ્ધિ માતા અને પ્રચાર માધ્યમનું ભવિષ્ય'* પાન નંબર 22– 24 .
5. મિશ્રા ધારિની અને કલા પારુલ, (માર્ચ 2024) યોજના અંક– 12 *'સ્વાસ્થ્ય જાળવવા અને સ્વ અભિવ્યક્તિ માટે કળાની તાકાત'* પાન નંબર 15– 17